ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૩૬/૧૮–૧૯/2835 તારીખ: 26 JUN 2018

**આર.પી.એ.ડી.**

**કેસ નં.: ૩૬/૧૮–૧૯**

પ્રતિ,
શ્રી બટુકભાઈ બાવાભાઈ દેસાઈ,
રહે.ખજુરી પીપળીયા,
તા.વાડિયા, જી.અમરેલી.

**વિષય:** નવા ખેતીવાડી કનેકશનના બાબત.

**સંદર્ભ:** (૧) આપનો પત્ર તા.૧૪–૦૫–૧૮
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૧૮–૧૯/૨૨૯૨ તા.૨૩/૦૫/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૧૮–૧૯/૨૪૯૯ તા.૦૬/૦૬/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૬/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી–૨.**

***........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કુકાવાવ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૩૬/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી બટુકભાઈ બાવાભાઈ દેસાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◆ **રજુઆતની તારીખ**:– ૧૫/૦૬/૨૦૧૮ ◆

હાજર રહયા :– શ્રી ઝવેરભાઈ બટુકભાઈ દેસાઈ (વાદીશ્રી ના પુત્ર)

પ્રતિવાદી :– શ્રી એન.આઈ.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી બટુકભાઈ બાવાભાઈ દેસાઈ, મુ.ખજુરી પીપળીયા, તા.વાડિયા, જી.અમરેલી ની નવા ખેતીવાડી કનેકશનના બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૬ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૩૬/ ૧૮–૧૯/ ૨૨૭૨ તા.૨૩/૦૫/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૫/૦૬/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી બટુકભાઈ બાવાભાઈ દેસાઈ વતી તેમના પુત્ર શ્રી ઝવેરભાઈ બટુકભાઈ દેસાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એન.આઈ.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ હું વાદીશ્રી બટુકભાઈ બાવાભાઈ દેસાઈ અમરેલી જીલ્લાના વડિયા કુંકાવાવ તાલુકાના ખજુરી પીપળીયા ગામનો રહીશ છું, તેમજ વડિયા કુંકાવાવ તાલુકાના ખજુરી પીપળીયા ગામનો રહીશ છું, તેમજ વડીયા કુંકાવાવ તાલુકાના મોજે ખજુરી પીપળીયા ગામનો ખેડુત ખાતેદાર છું, તેમજ ખજુરી પીપળીયા ગામની સમીતળની મારી માલીકીની રે.સ.નં.૪૫ પૈકી, ની જમીનમાં આવેલ કુવા ઉપર મે સને–૨૦૧૪ ના વર્ષમાં રૂા.૨૦૦/– તા.૨૦–૦૧–૨૦૧૪ ના રોજ ભરપાઈ કરી રેગ્યુલર ખેતીવાડી વીજ કનેકશન મેળવવા પીજીવીસીએલ ઓ એન્ડ એમ વડીયા માં માંગણી કરેલ છે.

૧.૨ સદરહુ ખેતીવાડી વિજ કનેકશન પીજીવીસીએલ વડીયા ધ્વારા મંજુર થયેલ છે, જે અંગેનું સર્વે કરવામાં આવેલ છે, ત્યારબાદ સદરહુ ખેતીવાડી વિજ કનેકશન મેળવવા માટે પીજીવીસીએલ વડિયા ના પત્ર નં.૭૩૭ તા.૧૮–૦૧–૨૦૧૮ ના રોજ કવોટેશન રૂા.૭,૮૫૩/– પુરાનું આપવામાં આવેલ છે, જેની મુદત તા.૧૭–૦૨–૨૦૧૮ ના રોજ પુર્ણ થયેલ છે.

..❷..



Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ સદરહુ ક્વોટેશન પીજીવીસીએલ વડિયા તરફથી રજી.એ.ડી. થી મોકલવામાં આવેલ છે, જે અમારા નિવાસ સ્થાને પહોંચેલ હોય પરંતુ ઘરના સભ્યોએ શરતચુકથી મુકી રાખેલ હોય તેમજ કોઈ જાણ કરેલ ન હોય જેથી ક્વોટેશન ભરવાની મુદત પુર્ણ થયા બાદ આજરોજ અમારા હાથમાં આવતા સદરહુ ક્વોટેશનની મુદત પુર્ણ થયેલ છે, જે અમારી ભુલ દરગુજર કરવા નમ્ર અરજ.

૧.૪ સદરહુ ખેતીવાડી વિજ જોડાણની અમારે સિંઈના હેતુ માટે ખેતીવાડી વિજ કનેકશનની ખાસ જરુરીયાત હોય, તેમજ શરતચુક તેમજ ભુલથી બાકી રહેલ ક્વોટેશનની રકમ વસુલ લેવા માટે જરુરી મુદત વધારવા તેમજ સદરહુ નવુ મંજુર થયેલ ખેતીવાડી વિજ કનેકશન આપવા માટે આગળની ઘટતી કાર્યવાહી કરવા નમ્ર અરજ.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર ધ્વારા નવુ ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે રૂા.૨૦૦/– તા.૨૦–૧–૨૦૧૪ ના રોજ વડીયા પેટા વિભાગીય કચેરી ખાતે ભરપાઈ કરી મુ.ખજુરી પીપરીયા સર્વે નં.૪૫ ખાતે નવુ ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ.

૨.૨ વડીયા પેટા વિભાગીય કચેરી ધ્વારા અંદાજપત્ર નં.૭૩૭ તા.૧૮–૦૧–૨૦૧૮ થી રૂા.૭૮૫૩/– નુ અંદાજપત્ર રજી.એ.ડી.થી આપવામાં આવેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૧૭–૨–૨૦૧૮ હતી. આ અંદાજપત્ર અરજદારને મળી ગયેલ છે જે તેઓને તા.૧૪–૫–૧૮ ની લેખિત અરજીમાં સ્વિકારેલ છે. પરંતુ અરજદાર ધ્વારા અંદાજપત્રના નાણા અંદાજપત્રની સમય મર્યાદામાં ભરપાઈ કરવામાં આવેલ નથી. તેમજ સદર અંદાજપત્રની મુદત વધારવા માટેની કોઈ લેખિત અરજી સમય મર્યાદામાં પણ અરજદાર ધ્વારા આપવામાં આવેલ નથી.

૨.૩ આમ, અરજદારને આપવામાં આવેલ અંદાજપત્રના નાણાં તેઓએ સમય મર્યાદા દરમ્યાન ભરપાઈ કરેલ ન હોય, તેમજ મુદત વધારાની અરજી સમયસર કરેલ ન હોવાથી તેઓના વીજ જોડાણ માટે આગળની કાર્યવાહી થઈ શકેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી બટુકભાઈ બાવાભાઈ દેસાઈએ ગામ ખજુરી પીપળીયા માં તા.૨૦–૦૧–૧૪ ના રોજ સ.નં.૪૫ ખાતે ખેતીવાડી વીજ જોડાણની અરજી કરેલ.

૩.૨ પ્રતિવાદીએ તા.૧૮–૦૧–૧૮ ના રોજ વાદીને જરુરી અંદાજપત્ર પાઠવેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૧૭–૦૨–૧૮ હતી. વાદીને અંદાજપત્ર મળી ગયેલ તેવુ તેઓની રજુઆતમાં જણાવે છે, જે તેઓ એ ભરપાઈ કરેલ નહિ.

૩.૩ અંદાજપત્ર વધારવાની કોઈ અરજી વાદીએ પ્રતિવાદીને કરેલ નથી, જેથી વાદીનું અંદાજપત્ર ભરપાઈ ન થવાને કારણે પ્રતિવાદી ધ્વારા નવુ ખેતીવાડી જોડાણ આપવા અંગેની કોઈ કાર્યવાહી કરેલ જે નિયમોનુસાર છે.

**<u>–:: હુકમ ::–</u>**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " તારણ નં.૩.૩ મુજબ વાદીની અરજી રદ કરવામાં આવે છે."
- આ સાથે વાદીની ફરીયાદ રદ કરવામાં આવે છે.
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :–૧૫/૦૬/૨૦૧૮

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar